અપીલ અરજી નં.૩૩૩ તા.૭–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સૈયદ રફીક સૈયદ હસન કાદરી

સામાવાળાઃ–ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ રફીક સૈયદ હસન કાદરીની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી(૧)ડીપીએ–૨૧૭ તા.૧૪–૮–૦૮ ના રોજ જે રીવાઈઝડ તથા ઈન્ડીમીડીયેટ પ્લાન મુકવામાં આવે છે તેની તા.૨૬–૬–૦૯ પછી શું પરિસ્થિતિ છે એ ફાઈલ સંદર્ભ કઈ વ્યકિત (અરજદાર) તથા વિભાગમાં (અધિકારી) ને જાણ કરવામાં આવી છે ફાઈલ મુકવામાં આવેલ છે તેનો ખુલાસો આપશો. ૨. ઈન્ડીમીડીયેટ પ્લાન મંજુર કરવા માટે કયા કયા આધારો (પુરાવા) મેળવવામાં આવે છે તેની વિગત જણાવશો.અને જે આ ફાઈલમાં લીધા છે તો તેની સામેના બીડાણ રજુ કરવું. (૩) ઈન્ડી મીડીયેટ પ્લાન કોને કરેલા અને જે કયારે પાસ કરવામાં આવે છે.(૪) ડીપીએ/૨૧૭ માં તા.૬–૧–૦૯ પછી કયા અધિકારી પાસે ફાઈલ મુકવામાં આવી છે અને એમાં શું માંગણી કરી. (૫) કોઈ પણ રીવાઈઝડ કે ઈન્ડીમીડીયેટ પ્લાનમાં અરજદાર તથા કોઈ વ્યકિત તરફથી કેટલા સમયમાં જવાબ આપવો પડે છે? અને અધિકારીએ એ જવાબની રાહ જોવી પડે છે? જેથી કરીને ફાઈલ દફતરી કરી શકાય તેનો ખુલાસો આપશો. તેવી માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૩/૨૦૦૯–૧૦

શ્રી સૈયદ રફીક સૈયદ હસન કાદરીની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી(૧)ડીપીએ–૨૧૭ તા.૧૪–૮–૦૮ ના રોજ જે રીવાઈઝડ તથા ઈન્ડીમીડીયેટ પ્લાન મુકવામાં આવે છે તેની તા.૨૬–૬–૦૯ પછી શું પરિસ્થિતિ છે એ ફાઈલ સંદર્ભ કઈ વ્યકિત (અરજદાર) તથા વિભાગમાં (અધિકારી) ને જાણ કરવામાં આવી છે ફાઈલ મુકવામાં આવેલ છે તેનો ખુલાસો આપશો. ૨. ઈન્ડીમીડીયેટ પ્લાન મંજુર કરવા માટે કયા કયા આધારો (પુરાવા) મેળવવામાં આવે છે તેની વિગત જણાવશો.અને જે આ ફાઈલમાં લીધા છે તો તેની સામેના બીડાણ રજુ કરવા (૩) ઈન્ડી મીડીયેટ પ્લાન કોને કરેલા અને જે કયારે પાસ કરવામાં આવે છે.(૪) ડીપીએ/૨૧૭ માં તા.૬–૧–૦૯ પછી કયા અધિકારી પાસે ફાઈલ મુકવામાં આવી છે અને એમાં શું માંગણી કરી. (૫) કોઈ પણ રીવાઈઝડ કે ઈન્ડીમીડીયેટ પ્લાનમાં અરજદાર તથા કોઈ વ્યકિત તરફથી કેટલા સમયમાં જવાબ આપવો પડે છે? અને અધિકારીએ જવાબની રાહ જોવી પડે છે? જેથી કરીને ફાઈલ દફતરી કરી શકાય તેનો ખુલાસો આપશો. તેવી માહિતી આપવા બાબતે જવાબ સંતોષકારક નથી તેવું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૬૧ તા.૧૩–૧–૧૦ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી(શહેર વિકાસ) તથા અરજદારને જવાબ સંતોષકારક નહીં હોવા અંગે મુદ્દાવાર આધાર સમર્થન હોય તો તે રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદારે તા.૧–૨–૧૦ થી પૂરક વિગતો આપેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારીના પત્ર નં.૪૭૭૦ તા.૯–૧૨–૦૯ થી આપેલ માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી (૧)ડીપીએ–૨૧૭ તા.૧૪–૮–૦૮ ના રોજ જે રીવાઈઝડ તથા ઈન્ડીમીડીયેટ પ્લાન મુકવામાં આવે છે તેની તા.૨૬–૬–૦૯ પછી શું પરિસ્થિતિ છે એ ફાઈલ સંદર્ભ કઈ વ્યકિત (અરજદાર) તથા વિભાગમાં (અધિકારી) ને જાણ કરવામાં આવી છે ફાઈલ મુકવામાં આવેલ છે તેનો ખુલાસો આપશો. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે તા.૧૪–૮–૦૮ ના રોજ ડીપીએ નં.૨૧૭ થી જે રીવાઈઝડ પ્લાન રજૂ થયેલ છે તેમાં તા.૨૬–૬–૦૯ પછીની પરિસ્થિતિ યથાવત છે. આપેલ વાંધા સંદર્ભે તા.૬–૧–૦૯ ના રોજ રજૂઆત બાદ તા.૯–૧૨–૦૯ થી વાંધાઓ આપી ના મંજુર કરેલ છે. મુદ્દા નં. ૨. ઈન્ડીમીડીયેટ પ્લાન મંજુર કરવા માટે કયા કયા આધારો (પુરાવા) મેળવવામાં આવે છે તેની વિગત જણાવશો.અને જે આ ફાઈલમાં લીધા છે તો તેની સામેના બીડાણ રજુ કરવા. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે " ઈન્ડીમીડીયેટ પ્લાન" શું છે તે સ્પષ્ટ થતું નથી. તથા તે અંગેનો કોઈ ઉલ્લેખ/જોગવાઈ ડીસીઆરમાં નથી. તેવી માહિતી આપેલ છે. (૩) ઈન્ડી મીડીયેટ પ્લાન કોને કરેલા અને જે કયારે પાસ કરવામાં આવે છે. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે " ઈન્ડીમીડીયેટ પ્લાન" શું છે તે સ્પષ્ટ થતું નથી. તથા તે અંગેનો કોઈ ઉલ્લેખ/જોગવાઈ ડીસીઆરમાં નથી. તેવી માહિતી આપેલ છે. (૪) ડીપીએ/૨૧૭ માં તા.૬–૧–૦૯ પછી કયા અધિકારી પાસે ફાઈલ મુકવામાં આવી છે અને એમાં શું માંગણી કરી.તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે તા.૧૬–૧–૦૯ પછી તા.૯–૧૨–૦૯ થી વાંધોઓ આપી ના મંજુર કરેલ છે. તેવી માહિતી આપેલ છે. (૫) કોઈ પણ રીવાઈઝડ કે ઈન્ડીમીડીયેટ પ્લાનમાં અરજદાર તથા કોઈ વ્યકિત તરફથી કેટલા સમયમાં જવાબ આપવો પડે છે? અને અધિકારીએ એ જવાબની રાહ જોવી પડે છે? જેથી કરીને ફાઈલ દફતરી કરી શકાય તેનો ખુલાસો આપશો. તેવી માહિતી

આપવા બાબત. તેવા પ્રશ્નના ઉત્તરમાં જાહેર માહિતી અધિકારીએ પ્રત્યુત્તરમાં જણાવેલ છે કે આવેલ પ્લાન રજૂ થયા બાદ ખાતા ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ વાંધાઓનો અરજદાર /આર્કીટેકટે ૯૦ દિવસમાં જવાબ આપવાનો રહે છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૭–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી તા.૧૪–૮–૦૮ ના રોજ ડીપીઓ નં.૨૧૭ થી જે રીવાઈઝડ પ્લાન તથા ઈન્ડીમીડીયેટ પ્લાન મુકવામાં આવ્યો જે પછીની પરિસ્થિતિ તા.૬–૧–૦૯ થી તા.૯–૧૨–૦૯ સુધી શા માટે ઉપરોકત ફાઈલ હાથ પર રાખી મુકેલ અને દફતરે કરવામાં આવેલ નથી. જયારે નિયમોમાં પ્લાન ૯૦ દિવસમાં તેનો નિકાલ કરવાનો હોય. જેમાં પૂરક વિગતોમાં અરજદારે તા.૧–૨–૧૦ ના પત્રમાં મુદ્દા નં.૪ અને ૫ માં જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી અમારો જવાબ નથી તેવું જણાવેલ છે. અરજદારે અપીલ અરજીમાં જણાવેલ મુદ્દાઓ અંગે તા.૬–૧–૦૯ ના રોજ કરેલી રજૂઆત બાદ તા.૯–૧૨–૦૯ થી વાંધાઓ આપી ના મંજુર કરેલ છે. અર્થાત તા.૬–૧–૦૯ થી તા.૯–૧૨–૦૯ ની ફાઈલની કાર્યવાહી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને જણાવેલ છે.

અપીલ તબકકે અરજદારે આ સમયગાળા દરમ્યાન ફાઈલ શા માટે હાથ પર રાખી મુકી? તેવા પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જે મુળ અરજીથી અલાયદો હોઈ આ તબકકે તે અંગે અપીલનું કારણ ઉત્પન્ન થતું નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

પૂરક પ્રશ્નો તથા ઈન્ડીમીડીએન્ટ જેવી સંદિગ્ધ બાબતો અંગે સ્પષ્ટતાસહ અરજદાર અલાયદી અરજી લાગત જાહેર માહિતી અધિકારીને કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ...જાણ તથા અમલ માટે
(૨) શ્રી સૈયદ રફીક સૈયદ હસન કાદરી